GJGS040029492025

| | | | |
|---|---|---|---|
| **આંક** | | | |
| દાખલ તારીખ | ૦૫ | ૦૮ | ૨૦૨૫ |
| રજીસ્ટર તારીખ | ૦૫ | ૦૮ | ૨૦૨૫ |
| ફેંસલ તારીખ | ૦૫ | ૦૮ | ૨૦૨૬ |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |

**ઉનાના મહેરબાન એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ—ઉના.**

**ક્રિમીનલ કેસ નંબર—૨૨૮૦/૨૦૨૫**

**ફરિયાદી** – શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી** – **કાનાગીરી બજરંગગીરી ગોસાઇ**
રહે. ઉના, સરકારી દવાખાના પાછળ,
તા. ઉના, જી. ભાવનગર.

**ગુનો** – **પ્રોહીબિશન એકટની કલમ ૬૫ (એ.એ.). ૯૮(૨), ૯૯ મુજબ...**

---

ફરીયાદ પક્ષેઃ— વિદ્ધાન એ.પી.પી. શ્રી કે.ડી. વસાવા
આરોપી પક્ષેઃ— વિદ્ધાન વકીલશ્રી સી.બી. બાંભણીયા

---

**— ઃ ચુ કા દો ઃ—**

૧) ફરીયાદ પક્ષના કેસની ટુંક વિગત એવી છે કે, આ કામના આરોપીએ

તા. ૦૭/૦૮/૨૦૨૫ ના રોજ કલાક ૨૩–૫૭ વાગ્યે ઉના, મામલતદાર કચેરી સામે રોડ ઉપર પોતાના કબજા ભોગવટાની મહીન્દ્રા કંપનીની આલ્ફા મોડેલની રીક્ષા જેના રજી. નં. જી.જે. ૩૨ યુ. ૧૫૪૩ વાળીમાં ગેરકાયદેસર પાસ પરમીટ કે આધાર વગર ભારતીય બનાવટના વિદેશી દારૂ ની અલગ અલગ કંપનીની બોટલ નંગ – ૬, કિંમત રૂ. ૯૨૪/– નો રાખી પ્રોહીબીશન એકટની કલમ ૬૫ (એ.એ.), ૯૮(૨), ૯૯ મુજબનો ગુન્હો કરેલ છે, જે બાબતની ફરીયાદ ફરીયાદીએ તા. ૦૮/૦૭/૨૦૨૫ ના રોજ ઉના પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ૧૧૧૮૬૦૦૮૨૫૧૨૪૦/૨૦૨૫ થી જાહેર કરેલ છે. ત્યારબાદ તપાસના અંતે તપાસ કરનાર અધિકારીએ આંક–૧ મુજબનું ચાર્જશીટ મહેરબાન એડીશ્નલ ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં કરેલ.

૨) માનનીય નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા તાજેતરમાં R/CRIMINAL MISC.APPLICATION NO. 8892 Of 2018 ના ચુકાદામાં પેરા નં.૧૦ માં એવું ઠેરવવામાં આવેલ છે કે, "The result of the above discussion is that: (01) by repeal of Section 115, the Magistrate is not denuded of his jurisdiction to try the case" ને ધ્યાને રાખી આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુન્હા સંબંધી ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે. ચાર્જશીટ બાદ આરોપીને ધોરણસર સમન્સની બજવણી કરવામાં આવતા આરોપી અદાલતમાં હાજર થયેલા. આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ - ૨૩૦ મુજબ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલી અને ગુના વિશે સમજ કરી, આંક-૦૪ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી આંક-૦૫ આરોપીની પ્લી નોંધતા આરોપી દ્વારા ગુનો કર્યાનો ઈન્કાર કરવામાં આવેલ છે. જેથી ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

૩) આ કામમાં ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબના પુરાવા રજૂ થયેલ છે.

| ક્રમ | મૌખિક પુરાવા | આંક |
|---|---|---|
| ૧ | પંચસાહેદ–સંજયભાઇ દેવાભાઇ બાંભણીયાની જુબાની | ૦૬ |
| ૨ | પંચસાહેદ–યશભાઇ નરેશભાઇ વાજાની જુબાની | ૦૮ |
| ૩ | ફરિયાદી–સુનીલભાઇ કેશવભાઇ બાંભણીયાની જુબાની | ૧૬ |

| ક્રમ | દસ્તાવેજી પુરાવા | આંક |
|---|---|---|
| ૧ | પંચનામું | ૦૭ |
| ૨ | ફરિયાદ | ૧૭ |
| ૩ | તપાસનો ડેપ્યુટ હુકમ | ૧૮ |
| ૪ | એફ.એસ.એલ. નો રવાનગી નોંધ | ૧૯ |

૪) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧(૧)(એ) મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં તેઓએ ફરીયાદપક્ષના કેસની મહત્વની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં તેમની સામે ખોટો કેસ કરેલાનું જણાવેલ છે અને ત્યારબાદ બંને પક્ષના વિ.વ.શ્રી ઓની દલીલો સાંભળી.

૫) આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– ઃ મુદ્દા ઃ –**

**મુદ્દા નં.૧)** શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૦૭/૦૮/૨૦૨૫ ના રોજ કલાક ૨૩–૫૭ વાગ્યે ઉના, મામલતદાર કચેરી સામે રોડ ઉપર પોતાના કબજા ભોગવટાની મહીન્દ્રા કંપનીની આલ્ફા મોડેલની રીક્ષા જેના રજી. નં. જી.જે. ૩૨ યુ. ૧૫૪૩ વાળીમાં ગેરકાયદેસર પાસ પરમીટ કે આધાર વગર ભારતીય બનાવટના વિદેશી દારૂ ની અલગ અલગ કંપનીની બોટલ નંગ – ૬, કિંમત રૂ. ૯૨૪/– નો રાખી પ્રોહીબીશન એકટની કલમ ૬૫ (એ.એ.), ૯૮(૨), ૯૯ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે

**મુદ્દા નં.૨)** શું હુકમ ?

૬) ઉપરોકત મુદ્દાઓના મારાં નિર્ણયો નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧)** – નકારાત્મક

**મુદ્દા નં.૨)** – આખરી હુકમ મુજબ.

**નિર્ણય માટેના કારણો**

૭) ફરીયાદપક્ષ તરફે આંક-૬ થી પંચસાહેદ સંજયભાઇ દેવાભાઇ બાંભણીયા તથા આંક – ૮ થી પંચસાહેદ યશભાઇ નરેશભાઇ વાજા નાઓને તપાસવામાં આવેલ છે. સદરહુ પંચસાહેદોએ તેમની સરતપાસમાં તૈયાર કાગળમાં સહી કરેલ હોવાનું અને સહી કરવા સિવાય કંઇ જાણતા નહી હોવાનું જણાવેલ છે. વિ.એ.પી.પી.શ્રી ની વિનંતીથી સદરહુ પંચસાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવો પ્રશ્ન પુછવાની પરવાનગી આપવામાં આવેલ હોવા છતાં તેમના પુરાવાથી ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકિકત ખુલવા પામતી નથી. ઉલટતપાસમાં સદરહુ પંચસાહેદોએ સહી કર્યા સિવાયની કોઈ જ હકિકતને સમર્થન આપેલ નથી સદરહુ પંચસાહેદોના પુરાવાથી પંચનામાની હકિકત નિઃશંકપણે સાબિત

થયેલ માની શકાય નહીં. આમ, પોલીસની કાર્યવાહીને પંચની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતું નથી. આમ, ફરીયાદ પક્ષ પંચનામું પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

૮) આ કામે ફરીયાદપક્ષ તરફે આંક-૧૬ થી ફરિયાદી સુનીલભાઇ કેશવભાઇ બાંભણીયા નાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ તેમની સરતપાસની જુબાનીમાં આંક-૧૭ થી રજૂ થયેલ ફરીયાદની હકિકતને સમર્થન આપતી હકિકત જણાવી પંચો રૂબરૂ તપાસ કરી પંચનામાની વિગતે આરોપીને અટક કરેલાનું તેમજ દારૂ મુદ્દામાલ કબજે કરેલ તથા ગુના અન્વયે તેઓએ ફરિયાદ આપેલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ સદર ગુનાની તપાસ શ્રી એસ.વી. સોંલકી નાઓને સોંપતા તેઓએ તપાસના કામે જરૂરી કાર્યવાહી કરી આરોપી સામે પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ છે.

૯) ફરીયાદપક્ષે રજૂ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતા ફરીયાદપક્ષના કેસ અનુસાર જે પંચ સાહેદોની હાજરીમાં દારૂ કબજે કરેલ હોવાનું કથન થયેલ છે તે પંચ સાહેદો ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આંક-૭ થી રજૂ પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. **નામદાર ગુજરાત હાઈકોર્ટે જીવાભાઈ ટી.વસાવા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના** ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ જયારે પંચ સાહેદ પંચનામાની હકિકતોને સમર્થન આપે નહી ત્યારે પંચનામાની વિગતો અનુસાર ગુન્હો બનેલ હોવાનું શંકાસ્પદ બની જાય છે. ફોજદારી ન્યાય પ્રણાલીના મુળભુત સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે આરોપી સામે આક્ષેપવામાં આવેલ ગુનો શંકારહિત પુરવાર કરવાનો રહે છે. જો ફરીયાદ પક્ષના કેસમાં શંકા ઉપસ્થિત થાય તો તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં રહે છે. આ કામે રજૂ થયેલ પંચનામાની વિગત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ થયેલ નથી. આમ, ઉપરોકત ચર્ચા કરી તે તમામ હકિકત ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ આરોપી સામે આક્ષેપવામાં આવેલ ગુનો શંકા રહિત રીતે પુરવાર કરવામાં સફળ થયેલ નથી. નામદાર સર્વોચ્ચ અદાલતે

**સતીષ મહેરા વિ.દીલ્હી એડમીનીસ્ટ્રેશન ૧૯૯૬ (૩) ક્રાઈમ્સ સુપ્રિમ કોર્ટના પાના નં. ૮૫** ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ જયારે ફરીયાદ પક્ષ દ્ધારા રજૂ કરવામાં આવેલ પુરાવા ઉપરથી અન્ય પુરાવો નોંધવો યોગ્ય અને જરૂરી જણાતો ન હોય તેવા સંજોગોમાં અદાલતનો કિંમતી સમય વેડફાવો જોઈએ નહી. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્ધારા **સ્ટેટ ઓફ ગુજરાત વિ.સુરેશભાઈ એસ.પટેલનો** ચુકાદો કે જે **(૨૦૧૧) ૨૬ જી.એચ.જે. (૧)** ઉપર પ્રસિધ્ધ થયેલ છે તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત પ્રમાણે જયારે પંચ સાહેદો ફરીયાદ પક્ષ દ્ધારા ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરીયાદ પક્ષના પુરાવા ઉપર આધાર રાખવો એ સલામતભર્યુ ગણાય નહીં. વધુમાં ફરીયાદ પક્ષના કેસને કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમર્થન મળતું નથી ત્યારે માત્ર પોલીસ સાહેદોના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં. વધુમાં, **માનસીંગ મુલુભાઈ કાઠી દરબાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૨ જી.એલ.એચ.ઈ.એલ. - એચ.સી. - પાના નં.૨૨૭૬૯૮** માં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ "જો પંચ સાહેદો ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મુદ્ધામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય તેમજ સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતનો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય.

**૧૦)** ક્રીમીનલ કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાતો મુજબ આરોપી વિરૂધ્ધ મુકવામાં આવેલ આક્ષેપો નિઃશંકપણે પુરવાર કરવા જોઈએ પરંતુ આ કામે ફરીયાદપક્ષ તેમ કરવામાં સફળ થયેલ ન હોય આરોપીને તકસીરવાન ઠરાવવા યોગ્ય લાગતુ નથી. ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધ મુકવામાં આવેલ આક્ષેપો નિઃશંકપણે પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીને દોષિત ઠરાવી શકાય નહી. આમ ઉપરોકત વિગતે કરેલ ચર્ચા મુજબ આરોપીને તેમના વિરૂધ્ધ મુકવામાં આવેલ તહોમતમાંથી

છોડી મુકવા યોગ્ય વ્યાજબી અને ન્યાયીક જણાય છે. જેથી મુદ્દા નંબરઃ (૧) નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર (૨) અન્વયે છેવટનો હુકમ નીચેની વિગતે કરૂ છું.

**– ઃ હુ ક મ ઃ–**

૧) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ – ૨૭૧ (૧) અન્વયે આ કામના આરોપી – **કાનાગીરી બજરંગગીરી ગોસાઇ,** રહે. ઉના, સરકારી દવાખાના પાછળ, તા. ઉના, જી. ભાવનગર નાઓને પ્રોહીબિશન એકટની કલમ ૬૫ (એ.એ.), ૯૮(૨), ૯૯ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ રીક્ષા અંગે અગાઉ કરેલ વચગાળાનો હુકમ અપીલ સમય વીત્યેથી બિનશરતી કાયમ કરવામાં આવે છે તેમજ મુદ્દામાલ દારૂનો અપીલ સમય બાદ નિયમોનુસાર નિકાલ કરવો.

૩) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ – ૪૮૧ અન્વયે આરોપીએ અગાઉના રજૂ થયેલ જામીનદાર જામીન તરીકે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૫મી, માંહે–ઓગસ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૦૫/૦૮/૨૦૨૬
સ્થળઃ ઉના.

**(ભાર્ગવ વસંતકુમાર વ્યાસ)**
એડી. ચીફ જ્યુડી. મેજી.,
ઉના.
કોડ નંબર–GJ–01100